Website : www.jivdayamandli.org ડિસેમ્બર ૨૦૧૫ Email : shreejivdaya@gmail.com sanjay@jivdayamandli.org

શ્રી મુંબઈ જીવદયા મંડળી દ્વારા પ્રકાશિત

# જીવદયા

સ્થાપના ઈ.સ. ૧૯૧૦

VOL. 34 - Issue No. 12 - Mumbai - December 2015 - Price : Rs.5/- Page : 32



# શ્રી મુંબઈ જીવદયા મંડળીના આધારસ્તંભો



જીવદયા પ્રવૃત્તિના પિતામહ
દયાલંકાર
સ્વ. શ્રી લલ્લુભાઈ દીપચંદ ઝવેરી



પ્રાણી મિત્ર
સ્વ. જયંતીલાલ નારદલાલ માન્કર



પ્રાણી મિત્ર
સ્વ. દશરથભાઈ એમ. ઠાકર

## પ્રતિવર્ષ લાખો રૂપિયા ખર્ચીને પ્રત્યક્ષ અભયદાન આપતી એકમાત્ર સંસ્થા

### છેલ્લાં બે વર્ષમાં બચાવેલાં જીવોની વિગત

| વર્ષ | ગાય | વાછરડા-વાછરડી ધાવણાં | બળદ-ભેંસ પાડા-પાડી | બકરાં-ઘેટાં | ઘોડા-ગધેડાં વગેરે | કૂતરાં | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| એ-૧૪થી માર્ચ-૧૫ | ૧૯૭૯ | ૨૨૬૯ | ૦૪૯૬ | ૦૪૭૩ | ૦૧૭૬ | — | ૫૩૯૩ |
| જાોમ્બર ૨૦૧૫ | ૧૧૯૧ | ૧૮૬૭ | ૩૧૦ | ૧૯૮ | ૧૩૮ | — | ૩૭૦૪ |
| અમદાવાદ નવેમ્બર ૨૦૧૫ | ૧૨૨ | ૨૬૧ | ૩૭ | — | — | — | ૪૨૦ |

## શ્રી મુંબઈ જીવદયા મંડળીના કાર્યની રૂપરેખા

જીવદયા ગૌરક્ષા અને માનવ સેવા ક્ષેત્રે શ્રી મુંબઈ જીવદયા મંડળી એકસો પાંચ વર્ષથી કાર્યરત છે. મુંબઈ જીવદયા મંડળી માત્ર એક સંસ્થા છે જેને કતલખાને જતા સરકારી ખાતા દ્વારા પકડાયેલા તથા ગેરકાયદે ખાનગી કતલખાનેથી પોલીસખાતા દ્વારા જપ્ત કરાયેલા હજારો લાચાર પશુઓને સોંપવામાં આવે છે. જેમાં મુંબઈ મહાનગર પાલિકાના કેટલ પૌંડ. દેવનાર પશુવધ ગૃહ તથા થાણા મહાનગરપાલિકા, મીરા-ભાયંદર તથા વસઈ-વિરાર તથા મહાનગર પાલિકા તેમજ સરકારી ડેરીઓમાંથી રિજેક્ટ કરેલા તથા અમદાવાદ મહાનગર પાલિકા દ્વારા રખડતાં જપ્ત કરેલા જીવોનો સમાવેશ થાય છે.

આ પશુઓને મુંબઈ વસઈ સ્થિત શ્રી મહાવીર તિર્થધામ પાસે મંડળીની માલિકીના બે વિશાળ પશુ આશ્રમોમાં તથા અમદાવાદની પાંજરાપોળોમાં રાખી પાલન-પોષણ કરી નિભાવવામાં આવે છે. આ પ્રવૃત્તિમાં મંડળીને પ્રતિવર્ષ કરોડો રૂપિયાનો ખર્ચ થાય છે મંડળીના બે પશુ આશ્રમો તથા અમદાવાદની પાંજરાપોળોમાં નિભાવવામાં આવતા પશુઓનો ખર્ચ પ્રતિદીન ૭૦,૦૦૦ (સીત્તેર હજાર) રૂપિયા જેટલો થવા જાય છે.

અહિંસક સમાજની જીવદયા અને અભયદાનની પરમ ઉપાસના ઉપર શ્રદ્ધા રાખી મંડળીએ તમામ જીવોને કતલખાનેથી છોડાવવાની તથા નિભાવવાની મોટી જવાબદારી સ્વીકારી લીધી છે.

: પ્રમુખ :
શ્રી પ્રાણલાલભાઈ શેઠ વેકરીવાલા-ટ્રસ્ટી
: ઉપપ્રમુખો :
શ્રી સુરેશભાઈ દેવચંદભાઈ શાહ-ટ્રસ્ટી
શ્રી હસમુખભાઈ સી. શેઠ
: માનદ્ મંત્રી :
શ્રી યોગેશભાઈ અમીચંદ જવેરી
: જોઈન્ટ સેક્રેટરી :
શ્રી ભરતભાઈ અમુલખભાઈ વીરાણી
: ખજાનચી :
શ્રી પ્રવીણભાઈ પ્રભુદાસ સંઘવી
: ટ્રસ્ટીઓ :
શ્રી દામજી લાલજી એંકરવાલા
શ્રી કિશોરભાઈ બી. સંઘવી
શ્રી સંજયભાઈ બી. કોઠારી (અમદાવાદ)
: સન્મા. સભ્યો :
શ્રી અશ્વિનભાઈ એમ. મહેતા
શ્રી જયસુખલાલભાઈ આર. વોરા
શ્રી શૈલેષભાઈ એ. જવેરી
શ્રી શૈલેષભાઈ આર. દોશી (દેપલાવાલા)
શ્રી નાનાલાલભાઈ એલ. શાહ
શ્રી પિયુષભાઈ વી. શાહ,
શ્રી ભરતભાઈ કે. મહેતા
શ્રી રમેશભાઈ વી. શાહ

વર્ષ ૩૪ ડિસેમ્બર ૨૦૧૫ અંક : ૧૨

# જીવદયા

Foreign Contribution Accepted Directly
SB A/c No. 04230100010132 BOB
Zaveri Bazar, Mumbai-3.
RBI - Permission Code - 083780740

તંત્રી : ડૉ. રતનબેન ખીમજી છાડવા

કાર્યાલય : દયા મંદિર, ૧૨૫-૧૨૭, મુંબાદેવી રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૩. • ફોન : ૨૩૪૨ ૫૫૭૪/૨૩૪૪ ૬૦૨૪

સકવાર/ભાલીવલી પશુઆશ્રય સ્થાનઃ પો. ખાનિવડે, મુંબઈ-અમદાવાદ હાઈવે, રામકૃષ્ણ મિશન આશ્રમ ડિસ્પેન્સરી પાસે, તા. વસઈ, જિ. થાણા. (શીરસાડ ધર્મસ્થાનકથી આગળ અમદાવાદ હાઈવે પર ૪ કિલોમીટરે ભાલીવલી તથા ૧૦ કિલોમીટરે સકવાર આવેલ છે.)

શાખા : ગુજરાત રાજ્ય કાર્યાલય : ૪૦૩, નાલંદા એન્કલેવ, સુદામા રીસોર્ટની સામે, પ્રીતમનગર પહેલો માળ, એલીસ બ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬. • ફોન : ૩૦૦૨૮૧૧૩/૨૬૫૭૮૧૧૩

મુંબઈની શ્રી જીવદયા મંડળીનું માસિક મુખપત્ર

અહિંસા પરમો ધર્મ

## શ્રી મુંબઈ જીવદયા મંડળી દ્વારા દાતાઓને અભયદાન તેમજ ઘાસ-ચારા માટે નમ્ર અપીલ

માનવંતા જીવદયા પ્રેમી દાતાઓ,

શ્રી મુંબઈ જીવદયા મંડળી દર વર્ષે બૃહદ્ મુંબઈતેમજ અમદાવાદમાં કતલખાને જતા હજારો પશુઓને છોડાવી તેનું પાલન પોષણ કરી નિભાવે છે. શ્રી મુંબઈ જીવદયા મંડળી એક માત્ર સંસ્થા છે જે એકસો પાંચ વર્ષથી મુંબઈ મહાનગરપાલિકા, થાણા મહાનગરપાલિકા તેમજ મીરા-ભાયંદર નગરપાલિકા દ્વારા રસ્તે રઝળતા, બિમાર-જખ્મી પશુઓને જપ્ત કરી જીવદયા મંડળીને સોંપે છે. મંડળી પોતાના વસઈ સ્થિત શ્રી મહાવીર તીર્થધામ પાસે આવેલા બે વિશાળ પશુ આશ્રમોમાં રાખી તેનું પાલન પોષણ કરી નિભાવે છે.

માનવ જાતી પર અગણિત ઉપકાર કરનાર લાખો મુંગા પશુઓની દેશમાં ભયંકર કતલ થઈ રહી છે. આવા લાચાર પશુઓને કતલખાનેથી છોડાવી અભયદાન અપાવવાથી બંધાતું પુણ્ય શાશ્વતું છે. તેનો કદાપિ ક્ષય થતો નથી કે ઓછું થતું નથી. આવા નિર્દોષ પશુઓને બચાવવા ઈચ્છતા હો તો શ્રી મુંબઈ જીવદયાને ઉદાર હાથે દાન કરતા રહો. પરસ્પર પ્રેમ અને દાતાઓના યોગદાનથી પાંગરતી આ સંસ્થા નાના બીજમાંથી મોટા વટવૃક્ષ સમાન બની ગયેલ છે. સંસ્થાને તમારા સહકાર અને સહયોગની જરૂર છે. સંસ્થા હજી પણ ઘણી પ્રવૃત્તિઓ અને પ્રગતી કરી રહી છે. સંસ્થાનો વહીવટી ખર્ચ દૈનિક પ્રમાણે સિત્તેર હજારથી પંચોતેર હજાર જેટલો થાય છે. જેમાં અભયદાન, ઘાસચારા તથા પશુઓનો વૈદ્યકીય ખર્ચ વગેરેનો સમાવેશ થાય છે. માટે આમાં જેટલો વધારે આર્થિક સહયોગ કરશો તેનાથી અધિક મેળવશો. આ કુદરતનું કંથન છે. જેમ ખેડૂત ખેતરમાં બીજ રોપે છે ત્યારે અનાજ તો ઉગેજ છે. સાથે મફતમાં બોનસ રૂપે ઘાસ પણ ઉગે છે. આજ નિયમ જીવદયા માટે આપણને બધાને સ્પર્શે છે. ચાલુ વર્ષે વરસાદ ઓછા થવાના કારણે ગુજરાત સૌરાષ્ટ્ર તેમજ મહારાષ્ટ્ર ની અછતગ્રસ્ત ગૌશાળા-પાંજરાપોળોને-સંસ્થા દ્વારા પચીસ લાખ રૂપિયાના ઘાસનું વિતરણ કરવામાં આવ્યું હતું અને હજુ સંસ્થાનું સદૈવ કાર્ય ચાલું છે.

(મંડળીને મળેલું દાન 80-G હેઠળ સરકારમાન્ય કરમુક્તિને પાત્ર છે. ચેક-ડ્રાફ્ટ શ્રી મુંબઈ જીવદયા મંડળી અથવા બૉમ્બે હ્યુમિનીટેરીયન લીગના નામે લખવો). (THE BOMBAY HUMANITARIAN LEAGUE)

**અમદાવાદ શાખા**-૪૦૩, નાલંદા એન્કલેવ, સુદામા રિસોર્ટની સામે, પ્રિતમ નગર, પહેલો માળ, એલિસ બ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬. ફોન નં. (079) 26578113 & 3002 8113. Email: sanjay@jivdayamandali.org
**જામનગર સંપર્ક સૂત્ર** - શ્રી અનિલભાઈ જગજીવનદાસ શાહ(ખીરસરાવાળા) (M-9099526770) • નેમિનાથ કોમ્પલેક્ષ, ત્રીજો માળ, ચાંદી બજાર પાસે, જામનગર-૩૬૧૦૦૧. Ph.No.: (0288) 2665418 તથા શ્રી યોગેશભાઈ વોરા (M-9825388839)

| | | | |
|---|---|---|---|
| ૧) એક જીવ છોડાવવાના (નાનો કે મોટો) | રૂા. ૧૫૦૦/- | ૪) સંસ્થાના ૧ ઢોરનો નિભાવ ખર્ચ ૧ મહિનાનો | રૂા. ૫૦૦૦/- |
| ૨) અભયદાન રીઝર્વ ફંડ(કાયમી તિથી) | રૂા. ૨૦૦૦૦/- | ૫) શ્રી જીવદયા માસિક આજીવન લવાજમ | રૂા. ૧૮૦૦/- |
| ૩) ઘાસચારા રીઝર્વ ફંડ (કામયી તિથી) | રૂા. ૨૦૦૦૦/- | ૬) શ્રી જીવદયા માસિક વાર્ષિક લવાજમ | રૂા. ૨૦૧/- |

*''જીવદયા''માં પ્રકાશિત વિચારો લેખકોના પોતાના છે. મુંબઈ જીવદયા મંડળી કે તંત્રી એ વિચારો સાથે સહમત હોય તે જરૂરી નથી.*



# ઈસુનો ઉપદેશ...

તંત્રી - ડૉ. રતનબેન ખીમજી છાડવા



૨૫મી ડિસેમ્બર એટલે ઈસુ ખ્રિસ્તીની જન્મજયંતી. ઈસુ ખ્રિસ્તીના જીવનચરિત્રને તો સહુ કોઈ જાણે છે. પરંતુ આ દિવસે ખ્રિસ્તી ધર્મના સ્થાપક ઈસુ ખ્રિસ્તના ઉપદેશને યાદ કરીએ.

'ગિરિ પ્રવચન' એ તેમના ઉપદેશોમાં શિરોમણિરૂપ છે. તેઓ કહે છે કે,

૧. આ સંસારમાં જેઓ નમ્ર, સદાચારી, દયાળુ, પવિત્ર, સંપ અને શાંતિને વધારનાર છે તેઓ ધન્ય છે.

૨. જ્યારે લોકો તમારી નિંદા કરે, જુલમ કરે, અત્યાચાર કરે ત્યારે તમે તમારી જાતને નસીબદાર માનજો. કારણ કે એનાથી તમારું કલ્યાણ થશે.

૩. પૈસા તમને શાંતિ નહિ આપી શકે, પૈસો જ સર્વસ્વ છે, તાકાત છે એવું માનશો નહિ. એ જશે ત્યારે તમને સંતાપ થશે.

૪. તમે તમારા શત્રુ ઉપર પણ પ્રેમ કરજો, કદી કોઈનો દ્વેષ કરશો નહિ, શ્રાપ આપનારને પણ આશિર્વાદ આપજો. જે તમને હેરાન કરે તેનું પણ હિત ઈચ્છજો. એમના માટે પણ પ્રાર્થના કરજો.

૫. તમે પોતાને દીન કે દયાપાત્ર માનશો નહિ. તમે તો આ દુનિયાનું નૂર છો, જગતના પ્રાણ છો.

૬. જૂના શાસ્ત્રોનો ઉચ્છેદ કરવા હું આવ્યો નથી પણ એના સત્ય રહસ્યને શોધી, સમજાવવા અને પૂર્ણપણે પાલન કરાવવા આવ્યો છું.

૭. તમારા કર્મ અને વાણી તમારા હૃદયનું પ્રતિબિંબ છે.

૮. જેટલો પ્રેમ તમે તમારી જાતને કરો છો તેટલો જ પ્રેમ તમારા પાડોશીઓને કરો, બાળકની જેમ નિષ્પાપી બનો.

૯. તમે તમારા પરસેવાની રોટી ખાજો, કાલની ફીકર કરશો નહિ. શ્રધ્ધાપૂર્વક પ્રભુને ચરણ જીવન અર્પણ કરજો.

૧૦. પોતાના અને કુટુંબના ગુજરાન માટે સૌએ પરસેવો પાડી જાતમહેનત કરવી જોઈએ. અને હૃદયથી ઈશ્વરભજન કરવું જોઈએ. એ જ પ્રભુપ્રાપ્તિનો સાચો માર્ગ છે.

આવા `Top Ten' ઉપદેશો જીવનમાં ઉતારવા જેવાં છે કે જે આપણને 'ક્રિસમસ'નો સાચો સંદેશ આપે છે.

અસ્તુ

માનવીનું મન પેરેશૂટ જેવું છે, તે સંપૂર્ણ રીતે ખૂલે ત્યારે જ ક્ષમા આપી શકે છે.

# શ્રી જીવદયા મંડળી દ્વારા શ્રી જીવદયાપ્રેમી ઍવોર્ડ વિજેતા શ્રી દિલીપબાબાએ મહારાષ્ટ્રના ૨૧ ગામમાં પશુની બલિ પ્રથા બંધ કરાવી

આજે પણ કુરિવાજ મનાતી એવા બલિ પ્રથાને લોકો માને છે અને મુંગાપશુઓની બલિ ચડાવે છે ત્યારે આહિંસાત્મક કુરિવાજને જડથી ઉખાડી ફેંકવાની મહેચ્છા રાખતા મહારાષ્ટ્રના વાશિમ જિલ્લાના લાઠી ગામના દિલીપબાબા તેમના જ રાજ્યમાં અત્યાર સુધી ૨૧ ગામોમાં  બલિ પ્રથા બંધ કરાવી છે. પોતે આદિવાસી છે પરંતુ નાનપણથી જ જીવદયા પ્રત્યે ઘણી લાગણી હોવાથી ૧૯૮૨થી લઈને અત્યાર સુધી ૪૨ લાખ જેટલા બકરા, બળદ અને પાડાને બલિ બનતા બચાવ્યા છે અને લોકોની ખોટી માન્યતાનો અને આ કુરિવાજ સંપૂર્ણ બંધ પણકરાવ્યો છે. આ માટે તેમને સાધુ, સંતો, પોલીસ વગેરેનો સપોર્ટ મળી રહ્યો છે. બલિ પ્રથા બંધ કરવા માટે છેલ્લા ૩૦ વર્ષથી ઘર સંસાર છોડી ચુકેલા બ્રહ્મચારી દિલીપ નામદેવરાવ પવાર તેમની આ જૂંબેશના કારણે લોકોમાં દિલીપબાબા તરીકે પ્રખ્યાત છે. જૈન ધર્મ અહિંસામાં માનતા હોવાથી દિલીપબાબાને આ ધર્મ વધારે ગમે છે અને તેથી તેઓ આચાર્ય પદ્મસાગર સુરેશ્વરજી મહારાજ સાહેબના પ્રશિષ્ય રત્ન આચાર્ય શ્રી દેવેન્દ્ર સાગરસૂરીજીના શિષ્ય છે. આ હેતુસર તેઓ અમદાવાદમાં તેમના ગુરુ અને અન્ય સાધુ સંતોના આશીર્વાદ અને જીવદયાના વિશિષ્ટ માર્ગદર્શન માટે આવ્યા હતા. સને ૨૦૧૪માં દિલિપબાબાને મુંબઈ જીવદયા મંડળી જીવદયાપ્રેમી એવાર્ડથી નવાઝવામાં આવ્યા હતા.

આ દરમિયાન જીવદયા પ્રેમી દિલીપબાબા કહે છે કે, મહારાષ્ટ્રના ગામોમાં બલિ પ્રથાને લોકો વધારે માને છે. હુંછેલ્લા ૩૩ વર્ષથી લોકોને આ અંગે સમજાવવાનું કામ કરું છુ અને જો ન માને તો બલિ ચઢાવવાના સ્થળે મારૂ મસ્તક નમાવી મારી જ બલિ ચડાવવાનું કહું છું. આ સિવાય પણ મને સ્થાનિક સરકારી કર્મચારીઓ અને પોલીસનો સપોર્ટ પણ મળી રહે છે. પરંતુ લોકોને બલિ ચડાવતા પહેલા કહું છું કે, પહેલા તમે તમારી આંગળી કાપો જે દર્દ તમને થાય છે એજ દર્દ મુંગા પશુઓને પણ થાય છે, સ્વજનના મૃત્યુ બાદ આપણે તને બાળીએ છીએ તો પછી બલિ બાદ મરેલા પશુને આપણા પેટમાં કેવી રીતે સંગ્રહી શકીએ. આ પ્રકારે હું તેમને સમજાવું છુ અને મને સફળતા પણ મળે છે. મારે મહારાષ્ટ્ર બાદ પુરા ભારતમાં આ ઝુંબેશ ચલાવવી છે અને લોકોને સાચી દિશા બતાવવી છે. જે માટે મને પુરા ભારત ભરના સાધુ, સંતો, સરકાર અને સમાજના દરેક વર્ગના લોકોના સહકારની જરૂર છે. મહારાષ્ટ્રમાં દર વર્ષે ત્રણથી ચાર ગામોમાં બલિ પ્રથા બંધ કરાવું છું.

આ અંગે માહિતી આપતા તેમના ગુરુ દેવેન્દ્ર સાગર સુરીજી કહે છે કે, છેલ્લા ૧૫ વર્ષથી દિલીપબાબા મારી સાથે જોડાયેલા છે. તેનું આ કાર્ય મહાશક્તિ બન્યા બાદ વિશ્વ શક્તિ બને તે માટે અમે હંમેશા સાથે રહી પ્રયાસ કરી રહ્યા છીએ. આ માટે તેને દેશના ઋષિમુનિઓ,સાધુ, સંતોનો સાથ મળે તેવી પણ આશા રાખું છું.

જીવદયા મંડળી

જે કરે સર્વને ક્ષમા, તેને ઘણી ઘણી ખમ્મા.

## પવિત્ર 'કામધેનુ' માનવ માટે અનેક ગણી ઉપકારી

# ગાયનું ઘી પૃથ્વી પરનું અમૃત

હિન્દુઓને મન ગાય માતા છે. હિન્દુ શાસ્ત્રોના મતે ગાય પવિત્ર પ્રાણી છે અને તેમાં તેત્રીસ કરોડ દેવતાનો વાસ છે. વ્યવહારમાં પણ ગાય માનવ માટે કામધેનું છે. તેનું દૂધ સંપૂર્ણ આહારમાં ગણાય છે. ગાયનું ઘી ઉત્તમ મનાય છે. ગાયનું ઘી તથા ગોમૂત્રનો ઔષધ તરીકે ઉપયોગમાં લેવાય છે. ગાયનું છાણ શ્રેષ્ઠ ખાતર તરીકે વપરાય છે. ખેતીપ્રધાન ભારતમાં ગોવંશ બળદનો મહિમા અનેરો છે. ગાય અનેક રીતે માનવને ઉપયોગી છે એ જોતાં તેને કામધેનું તરીકે ઓળખવામાં આવે છે તે યોગ્ય છે.

ખોરાકમાં તથા ઔષધિ તૈયાર કરવામાં ગાયના ઘીને ઉત્તમ માનવામાં આવે છે. મેદસ્વીતા,હૃદયરોગ, કૅન્સર જેવા રોગનાં કારણોને ચરબીયુક્ત પદાર્થો સાથે પણ સંબંધ છે એ જાણ્યા પછી વિશ્વમાં વધુ પડતી ચરબી ધરાવતા ખાદ્યપદાર્થોનો ઉપયોગ ઘટતો જાય છે અને આવા પદાર્થોનું સ્થાન ઓછી ચરબીવાળી ખાદ્યપદાર્થો અથવા ચરબીના અન્ય વિકલ્પો લઈ રહ્યા છે. તંદુરસ્ત જાળવવા ખોરાકમાં ચરબીનું યોગ્ય પ્રમાણ હોવું જરૂરી છે. ચરબી ખોરાકમાં રહેલું ઊર્જાનું સંગઠિત સ્વરૂપ છે. ઊર્જાના સ્ત્રોત તરીકે ચરબીમાં દ્રાવ્ય વિટામિનોના દ્રાવક તરીકે, લોહીમાં કોલેસ્ટરોલનું પ્રમાણ જાળવી રાખવા વગેરે માટે ચરબીયુક્ત ખોરાક આપણા માટે જરૂરી છે. ખોરાકમાંની ચરબીએ કુલ ઊર્જાના ૧૫ ટકા જેટલી ઊર્જા પૂરી પાડવી જોઈએ. અનાજ, કઠોળ અને શાકભાજીમાં અદ્રશ્યરૂપે રહેલી ચરબી લગભગ સાત ટકા ઊર્જા પૂરી પાડે છે. ખોરાકનું ચરબીનું યોગ્ય પ્રમાણ ભલે પછી તે પામોલીન તેલ કે ઘી રૂપે હોય તો તંદુરસ્તી જળવાઈ રહે છે. હૃદયરોગ જેવા રોગથી પીડાતા રોગીઓને હળવી માત્રામાં ગાયનું ઘી આહારમાં લેવાની છૂટ અપાય છે.

તાજેતરના અભ્યાસમાં જણાયું છે કે સમયની કસોટીમાંથી પસાર થયેલા ગાયના ઘી જેવા પરંપરાગત તૈલી પદાર્થોના અન્ય તૈલીપદાર્થોની સરખામણીએ ચોક્કસ લાભ છે. ગાયનું ઘી સરળતાથી પચે છે અને શોષાઈ જાય છે.તેની સુપાચ્યતા ૯૯ ટકા છે. વળી પાચન અવયવોને ગાયનું ઘી પચાવવા ઝાઝો શ્રમ કરવો પડતો નથી. ગાયનું ઘી પ્રોટીન અને બાયોલોજિકલ તત્ત્વોની પાચ્યતામાં સુધારો કરે છે અને ખોરાકમાં કેલ્શિયમ તથા ફોસ્ફરસ જેવાં ખનિજોના ટકાઉપણમાં વધારો કરે છે. આ ઘી કૅન્સર રોગ સામે ઝઝૂમવાની ક્ષમતા ધરાવતા લિનોલીક ઍસિડ, બી કેરોટિન અને ચરબીમાં દ્રાવ્ય વિટામિનો ધરાવે છે. આયુર્વેદની અનેક ઔષધિઓ બનાવવામાં આ ઘીનો ઉપયોગ થાય છે. તથા અનેક આયુર્વેદિક ઔષધિઓ સાથે અનુમાન તરીકે ગાયનું ઘી લેવાની ભલામણ કરવામાં આવે છે.

પી.એફ.એ. ના જણાવ્યા મુજબ ઘી એ દૂધ અથવા દેશી માખણ અથવા મલાઈમાંથી મેળવાયેલું શુદ્ધ ચરબીનુંસ્વરૂપ છે. જેમાં કોઈ રંગકારક દ્રવ્યો ઉમેરાયેલાં હોતાં નથી. ભારતમાં મુખ્યત્વે ગાય અને ભેંસના દૂધમાંથી ઘી બનાવવામાં આવે છે. ઘી તેની સોડમ અને પીળાશ પડતા રંગને કારણે દૂધનાં માખણ, દહીં અને મલાઈ

*અનુસંધાન ૮મા પાને...*

જે માણસ બીજાને માફ કરી શકતો નથી, તે ભવિષ્યમાં પોતાને જે પૂલ પરથી પસાર થવાનું છે તેનો નાશ કરે છે.

# માનવીએ એના શુભ-અશુભ કર્મનું ફળ ભોગવવું જ પડે છે!

**દેવેશ મહેતા**

મુદ્ગલ ઋષિ કઠોર તપશ્ચર્યા કરતા, એના ભાગ રૂપ તે ધ્યાન-સમાધિ, વ્રત-ઉપવાસ વગેરે કરતા. અમુક વ્રત અને ઉપાસના વખતે મૌન ધારણ કરતા જે કોઈપણ સંજોગોમાં છોડતા નહીં. ઘણા લોકો એમના આશ્રમમાં આવતા અને એમના દર્શન કરી ધન્યતા અનુભવતા. એકવાર રાજાના મહેલમાં ચોરી થઈ. ચોર મોંઘો મુદ્દામાલ લઈને ભાગ્યા. તેમણે એ ચોરેલી વસ્તુઓ કોઈ સુરક્ષિત જગ્યાએ છુપાવી દેવાનો વિચાર કર્યો. એ માટે એમને મુદ્ગલ મુનિનો આશ્રમ યોગ્ય સ્થાન લાગ્યું. કોઈ મુનિના આશ્રમમાં તપાસ કરે નહીં, ચોરોનો પીછો કરતા રાજના સૈનિકો મુનિના આશ્રમ સુધી આવી પહોંચ્યા. ચોર કદાચ આશ્રમમાં તો છુપાઈ ગયા નથી ને? એવો વિચાર કરીને તે આશ્રમમાં તપાસ કરતા હતા ત્યારે ચોર તો ના મળ્યા પણ ચોરીનો તમામ સામાન મળી આવ્યો.

રાજાના સૈનિકો મુદ્ગલ મુનિ પાસે આવ્યા અને આ ચોરીનો સામાન આશ્રમમાં કેવી રીતે આવ્યો તે વિશે પૂછ્યું, પણ મુનિ તો મૌનધારી હતા. એ જવાબ કેવી રીતે આપે? સૈનિકો સમજ્યા કે મુનિ જવાબ નથી આપતા એટલે એમનો ચોરીમાં હાથ છે અથવા એ ચોરોને છાવરી રહ્યા છે. એટલે એ એમને પકડીને રાજા પાસે લઈ ગયા. રાજાએ પણ તેમને ચોરી અંગે વારંવાર પૂછ્યું પણ મૌનવ્રતી મુનિએ આવી વાત માટે મૌન તોડવું યોગ્ય ન માન્યુ. મૌન સંમતિસૂચક છે એમ માની રાજાએ ચોરીની જે નિયત સજા હતી તે ફરમાવી દીધી. તેના કાયદા પ્રમાણે ચોરી કરનારને શૂળ ભોંકીને દેહાંત દંડની સજા કરાતી હતી.

મુદ્ગલ ઋષિના શરીરને દોરડાથી મુશ્કેટાટ બાંધવામાં આવ્યું પછી એમના શરીરની આરપાર ભાલા ખોસવાના શરૂ કરાયા. ભાલા ધીરેધીરે ખૂંચતા ખૂંચતા શરીર વીંધીને નીકળી રહ્યા હતા પણ મુનિએ મૌન ન તોડ્યું. આ બાજુ જેમણે ચોરી કરી હતી તે અસલ ચોર પકડાઈ ગયા. તેમણે જાતે કબૂલ કર્યું કે રાજમહેલનો કીમતી સામાન તેમણે મુદ્ગલ ઋષિના આશ્રમમાં સંતાડ્યો હતો. રાજાને આ વાતની ખબર પડી એટલે એના પસ્તાવાનો પાર ન રહ્યો. તેને પોતાની ભૂલ સમજાઈ અને તે જાતે દોડીને મુદ્ગલ ઋષિ પાસે આવ્યો. તેણે મુનિ નિરપરાધી હોવા છતાં આવી આકરી સજા આપવા બદલ મુનિના પગમાં પડીને ક્ષમા માગી. એ સમયે મુનિનું મૌન વ્રત પણ પૂરું થયું એટલે તેમણે રાજાને કહ્યું, 'રાજન! આમાં તમારી કોઈ ભૂલ નથી. તમે તો તમારો રાજધર્મ અદા કર્યો છે. મેં મારો મુનિધર્મ અદા કર્યો છે. તમે મને સજા કરી ત્યારે તમને ક્યાં ખબર હતી કે હું નિર્દોષ છું. મળેલા પુરાવાને આધારે એ વખતે હું જ ગુનેગાર લાગતો હતો. હું નિર્દોષ છું એવું હું બોલી શકું એવી સ્થિતિમાં પણ નહોતો. ખેર જે થવા કાળ હતું તે થયું પણ આવું કેમ થયું એનો જવાબ હું ઉપર જઈશ ત્યારે ધર્મરાજ પાસે જરૂર માંગીશ.'

રૂમાલ આંખના આંસુ લૂછે છે, જ્યારે પ્રેમ એ આંસનું કારણ ભૂસે છે.

આટલું બોલ્યા પછી મુનિ પાછા મૌન થઈ ગયાં. થોડી પળો બાદ તેમના પ્રાણ નીકળી ગયા. મરણ બાદ તેમનો જીવાત્મા ધર્મરાજ પાસે પહોંચ્યો. તેમણે ધર્મરાજને પૂછ્યું-'હું નિર્દોષ હોવા છતાં મને આ સજા કેમ થઈ? મારા ભાગ્યમાં આ રીતે શૂળ ભોંકાઈને મરણ પામવાનું કેમ લખાયું?' ધર્મરાજે કહ્યું- જીવનમાં કશું પણ એમને એમ બનતું નથી. દરેકની પાછળ કોઈ કારણ રહેલું હોય છે. બાળપણમાં તમે એક કીડાને તણખલાની ધારદાર સળીઓથી વીંધીને મારી નાંખ્યો હતો. તમારે એનું ફળ ભોગવવું પડયું છે. એટલે જ શાસ્ત્રમાં વિધાન કર્યું છે-'અવશ્યમેવ ભોક્તવ્યં કૃતં કર્મ સુભાશુભમઃ-માનવીએ શુભ કે અશુભ જે કોઈ કર્મ કર્યું હોય તેનું ફળ તેને ચોક્કસપણે ભોગવવું જ પડે છે.' મુનિના જીવાત્માએ પૂછ્યું-'શું એ અપરાધ જાણી જોઈને કરાયો હતો?' ધર્મરાજે કહ્યું-'ના, તે તણખલા ખોસ્યા ત્યાં ઘાસ નીચે કીડો છે એવી ખબર નહોતી.' જીવાત્માએ કહ્યું-તો પછી એ અપરાધની આટલી મોટી સજા શા માટે કરી? ધર્મરાજ નિરુત્તર બની ગયા. મુદ્ગલ મુનિના જીવાત્માએ ધર્મરાજને કહ્યું-તમારે પણ એક જન્મ લેવો પડશે. કોઈ નિષ્પાપ અપરાધ પર દંડ ભોગવવો પડશે. ધરતી પર જીવન ધારણ કરી નાના અપરાધ બદલ બહુ મોટું ફળ ભોગવવું પડશે. એના ફળરૂપે અપમાનિત સ્થિતિમાં જીવવું પડશે. આના બદલામાં આખું જીવન પ્રાયશ્ચિત કરવું પડશે. આ ધર્મરાજ જ યુધિષ્ઠિર તરીકે જન્મ્યા હતા અને મુનિના શાપને લીધે જ જુગાર રમવાની અને એમાં પોતાની જાત, અન્ય પાંડવો, દ્રૌપદી અને સઘળું રાજપાટ દાવ પર મુકવાનો અપરાધ કરી, એનું માઠું પરિણામ ભોગવી જીવનભર પ્રાયશ્ચિત કરતાં રહ્યા હતાં!

*છઠ્ઠા પાનાનું ચાલુ...* **ગાયનું ઘી**

જેવાં ઉત્પાદનોથી અલગ પડે છે. ભેંસના દૂધની સરખામણીએ ગાયનું દૂધ પચવામાં હલકું તથા નીરોગી રાખનારું છે. ગાયના દૂધમાં ઘનતત્ત્વનું પ્રમાણ ૧૨.૧ ટકા તો ભેંસના દૂધમાં ૧૫.૫ ટકા, ગાયના દૂધમાં ચરબીનું પ્રમાણ ૩.૭ ટકા તો ભેંસના દૂધમાં ૬.૫ ટકા, ગાયના દૂધમાં ઘન બિનચરબીયુક્ત તત્ત્વનું પ્રમાણ ૮.૪ ટકા છે જ્યારે, ભેંસના દૂધમાં ૯ ટકા છે. ગાયનું દૂધ પીળાશ પડતા રંગનું જ્યારે ભેંસનું દૂધ શ્વેત રંગનું હોય છે. ગાયના દૂધમાંથી બનેલા ઘીને અમૃત કહેવામાં આવે તે સ્વાભાવિક છે. આશ્ચર્યની વાત એ છે કે ગોમૂત્રનો ખેતીક્ષેત્રની જંતુનાશક દવા બનાવવામાં પણ ઉપયોગ થાય છે. તાંબાના વાસણમાં દસ લીટર ગોમૂત્ર લઈ તેમાં ચાર કિલો લીંબોળી તથા તાંબના અડધો કિલો જેટલા ટુકડા નાખી વાસણનું મોં બંધ કરવામાં આવે છે. દસ દિવસ પછી આ મિશ્રણને ગોમૂત્રનું પ્રમાણ અડધું થાય ત્યાં સુધી ઉકાળી ઠંડુ થયા પછી ગાળવામાં આવે છે. એ બાદ ૨૫૦ ગ્રામ લીલાં મરચાં અડધા લીટર પાણીમાં પીસી તે પાણી તથા ૨૫૦ ગ્રામ વાટેલું લસણ અડધા લીટર કેરોસીનમાં નાખી એક રાત રાખ્યા બાદ તેને ગાળીને મેળવાયેલું કેરોસીન ગોમૂત્રના દ્રાવણમાં નાખી જંતુનાશક દવા તૈયાર કરવામાં આવે છે. રીંગણા, ટમેટાં, કપાસ, ચણાના પાકને કેટલાક રોગથી બચાવવા આ જંતુનાશક દવા ઉપયોગમાં લેવાય છે.

આ ઉપરાંત ગોમૂત્રમાંથી અન્ય જંતુનાશક દવાઓ પણ બનાવવામાં આવે છે. વધુ પાક લેવા ગોમૂત્રનો પૂરક ખાતર તરીકે પણ ઉપોયોગ થાય છે. મધ્યપ્રદેશ સરકારે ગોમૂત્રમાંથી બનાવાતી ઔષધિને કરમાંથી મુક્તિ આપવાનો તાજેતરમાં નિર્ણય કર્યો છે.

- ગુજરાત સમાચાર-ન્યૂઝ રિપોર્ટ

# નવા વર્ષની ઉજવણી

## ઉત્સવ નાત, જાત, ધર્મ, વાડા વિનાનો

'હેપી ન્યુ યર કાકા'. ૮ વર્ષના ભત્રીજાએ કાકાને પહેલી જાન્યુઆરીની સવારે વિશ કર્યું.

'કોનું ન્યુ યર', કાકા બગડ્યા, 'મોટા આવ્યા અંગ્રેજના બચ્ચા! આપણી ભારતીય સંસ્કૃતિને પડતી મૂકી પરદેશી સંસ્કૃતિની મોટાઈ કર્યા કરો. ૩૧મી ડિસેમ્બરે છોકરા-છોકરીઓએ નાચ્યા-ગાવા કરવાનું, દારૂ પીવાનો ને મોડી રાત સુધી રખડ્યા કરવાનું. આ કોઈ આપણી સંસ્કૃતિ, સંસ્કાર છે?'

ભત્રીજો ઓઝપાઈ ગયો, નવા વરસની સવાર જ બગડી, ત્યારે તો એ મૂંગોમંતર થઈ ગયો પણ પછી થોડા થોડા અંતરે એણે કાકાને ઠાવકા થઈને અમુક સવાલ કર્યા, જે જવાબ મળ્યા એનાથી એને સારું લાગ્યું.

સવાલ ૧: કાકા તમે પેન્ટ કેમ પહેરો છો? ધોતિયું કેમ નથી પહેરતા?

જવાબ ૧: ધોતિયાના જમાના ગયા ગાંડિયા. પેન્ટ-શર્ટ કેટલાં કમ્ફર્ટેબલ (આરામદાયક શબ્દ નહીં વાપર્યો) છે. તે કહેવું પડશે.

સવાલ ૨: મને ગુજરાતી મિડિયમમાં કેમ ન મૂક્યો. ઈંગ્લિશ મિડિયમની સ્કૂલમાં કેમ મૂક્યો.

જવાબ ૨: ગુજરાતી મિડિયમમાં ભણી શું કાંદા કાઢત, જમાનો અંગ્રેજીનો છે ડોબા. વ્યવહારુ બનવું પડે.

સવાલ ૩: કાકા,તમે હોળી, નવરાત્રી વગેરે રમો?

જવાબ ૩: હોળી રમીને શું કપડાં બગાડવાં છે મારે ને નવરાત્રી તો બૈરાંઓ માટે છે. જેન્ટસોએ એમાં શું કરવા નું. અલ્યા, ગઈ કાલે તેં પણ દારૂ ઢીંચેલો કે આવું ગાંડુંઘેલું પૂછે છે.

જવાબ આપવા માટે ભત્રીજાએ કાકાનો આભાર માન્યો ને નવા વર્ષની ઉજવણીમાં એણે કશું ખોટું નથી કર્યું એ વાતથી હરખાતો ત્યાંથી પ્રસ્થાન કરી ગયો. 'કાકા, તમે દંભી છો' કહ્યા વગર.

નવા વર્ષની પૂર્વ સંધ્યાની ઉજવણીને નાચીગાઈને નવા વર્ષને આવકારવાની પ્રથા સમગ્ર વિશ્વમાં નાત-જાત-ધર્મના વાડા ભૂંસીને પ્રસરવા લાગી છે. આ એક એવો ઉત્સવ છે જે બધાનો છે. આબાલવૃદ્ધ, સ્ત્રી-પુરુષ, કેમ ન હોય? માણસમાત્રને ઉત્સવો જોઈએ છે. વળી ઉજવણી કોઈ ધર્મ સાથે સંકળાયેલી નથી.

ન્યુ યર્સ ઈવ એટલે નાચગાન, ખાણીપીણી રાતભર રખડવાનો જલસો.

નવા વર્ષની ઉજવણીનાં મૂળ છેક ૪૦૦૦ વર્ષ પૂર્વે જાય છે. અલબત્ત એનો સંબંધ ખેતીવાડી ને ફર્ટિલિટી સાથે હતો. શરૂઆતમાં માર્ચના મધ્યભાગમાં આ ઉત્સવ ઊજવવામાં આવતો. નવું વર્ષ માર્ચથી શરૂ થતું ને વરસના બાર નહીં દસ મહિના જ હતા.

નુમા પોમ્પિબિયસ નામના રોમન રાજ્યના બીજા રાજાએ બે મહિના જાન્યુઆરી ને ફેબ્રુઆરીનો ઉમેરો કર્યો. નવું વર્ષ જાન્યુઆરીની પહેલીએ ઊજવવાનું ઠરાવ્યું. અમુક લોકો માર્ચમાં જ ઊજવતા.

ઈ.સ. પૂર્વે ૪૬માં રોમના શહેનશાહ જુલિયસ સીઝરે સત્તાવાર રીતે જાન્યુઆરીની પહેલી તારીખને વરસનો પહેલો દિવસ જાહેર કર્યો, પેગન ધર્મમાં જાનુસ નામના બે મોઢાળાં દેવ હતા. એક મોઢું પાછળ રહેતું ને બીજું આગળનું જોતું. એના પરથી મહિનાનું નામ જાન્યુઆરી પડ્યું.

અહંકાર પીગળે છે ત્યારે જ પ્રેમનું ઝરણું વહેતુ થાય છે.

જાન્યુઆરીનો પહેલો દિવસ એટલે ગયા વીતેલા વરસને જોતો ને નવા વરસને આવકારતો દિવસ જોતજોતામાં જુલિયસ સીઝરના નામ પરથી ઓળખાતું જુલિયન કેલેન્ડર પ્રચલિત થઈ ગયું.

અમુક સમય પછી પાછું ૨૫મી માર્ચ નવા વર્ષ તરીકે ઉજવાવા લાગી, કારણ કે કેથોલિક ધર્મ પ્રમાણે એન્યુએશન ડે ના દિવસે ગ્રેબ્રિયલ નામના દેવદૂતે મધર મેરીને જણાવ્યું કે ભગવાન વતી તે ગર્ભવતી થશે ને તેને જીસસ નામનો પુત્ર અવતરશે.

ઈ.સ. ૧૦૬૬ની ડિસેમ્બરની ૨૫મીએ ઈંગ્લેન્ડમાં વિલિયમ ધ કોન્કરર નામનો રાજા ગાદીએ આવ્યાને એણે પાછું નવું વર્ષ જાન્યુઆરીમાં ફેરવ્યું. જોકે લોકોએ ૨૫મી માર્ચ જ ચાલુ રાખી.

ઈ.સ. ૧૫૮૨માં પોપ ગ્રેગરી ૧૩માએ કેલેન્ડરમાં સુધારો કર્યો. લીપ યર ઉમેરાયું એનું કેલેન્ડર ગ્રેગેરિયન કેલેન્ડર તરીકે ઓળખાયું. નવું વરસ વળી પાછું જાન્યુઆરીની પહેલેથી ગણાયું.

સીઝર ને પોપ ગ્રેગરી ૧૩ બન્નેમાં એક સામ્ય હતું. યહૂદીઓ પર અત્યાચાર.

મૂળ ધર્મમાં રહેલા મૂળને વટાવી જાન્યુઆરીની પહેલી નવું વર્ષ આજના જમાનામાં સેક્યુલર થઈ ગયું છે. વીતેલા વરસમાં શું ઉકાળ્યું ને આવનારા વરસમાં શું ઉકાળવાના છીએ તેના પર દૃષ્ટિ કરીએ.

હેપી ન્યુ યર સૌ કોઈને.

*સાભાર-સોનલ શુક્લ, ઉત્કર્ષ મઝુમદાર*

## માંસ આરોગ્ય માટે હાનિકારક, કેન્સર થવાનું જોખમ વધુ

માંસ ખાવું કે ન ખાવું? એ મુદ્દાને લઈને ભારતભરના રાજકારણીઓએ ભેગા મળીને વિવાદ ઉભો કર્યો છે. દરેક માનવી પોતાના વ્યક્તિગત વિચારોને વળગી રહેતો હોય છે અને ખાવાની બાબતમાં તેને શું ખાવું અને શું ન ખાવું એ બાબતે તેમનો પોતાનો સ્વતંત્ર અભિગમ ધરાવી શકે છે. ભારતમાં જ્યારે માંસના પ્રશ્નને લઈને હોબાળો મચ્યો છે ત્યારે એક વિદેશી અખબારમાં વિશ્વ આરોગ્ય સંસ્થાનો રિપોર્ટ રજુ કરવામાં આવ્યો હતો. જેમાં સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું હતું કે બેકન, સોસિજ કે અન્ય કોઈપણ પ્રકારનું પ્રોસેસ્ડ મીટ કેન્સરનું કારણ બની શકે છે. અલબત્ત,રેડ મીટમાં પણ એવા પદાર્થો જોવા મળે છે જે કેન્સરકારક છે.

વિદેશી અખબારના જણાવ્યા પ્રમાણે પ્રોસેસ્ડ મીટનુંસંશોધન એકેટેગરીમાં કરવામાં આવ્યું હતું જેમાં સિગારેટ્સ, આલ્કોહોલ્સ અને એસ્બેસ્ટોસનું પ્રમાણ જાણવામાં આવે છે. આ પ્રક્રિયા વિશ્વના અલગ અલગ દસ દેશના વૈજ્ઞાનિકોના પુરાવા સાથે રાખીને કરવામાં આવી હતી. વૈજ્ઞાનિકોએ પણ માંસ એ મનુષ્ય માટે એક કેન્સરકારક પદાર્થ છે આ વાત સાથે સંમતિ દર્શાવી હતી. માહિતી પ્રમાણે વિશ્વ આરોગ્ય સંસ્થાની નવી માર્ગદર્શિકા અનુસાર હવેથી મીટ પેકેટ્સ પર માંસ ખાવું એ સ્વાસ્થ્ય માટે હાનિકારક છે એવી ચેતવણી ભર્યા વોર્નિંગ લેબલ લગાવવાનો અનુરોધ કરશે. આ તારણમાં મળેલા પુરાવાના આધારે યુકે સ્થિત નેશનલ હેલ્થ સર્વિસની સત્તાવાર વેબસાઈટ પર જણાવવામાં આવ્યું હતું કે પુરાવા પરથી ખ્યાલ આવે છેક રેડ મીટ એ પ્રોસેસ્સડ મીટના લીધે આંતરડાના કેન્સરનો ભય વધે છે. અલબત્ત, આ પુરાવા સાથે ધ વર્લ્ડ કેન્સર રીસર્ચ ફન્ડે પણ સહમતિ દર્શાવી હતી કે વધુ પડતું માંસ ખાવુ એ આંતરડાના કેન્સરમાં વધારો કરે છે. જો કે બીફ, લેમ્બ અને પોર્ક મીટ બાબતે કોઈ સ્પષ્ટતા કરવામાં નહોતી આવી કે એ સ્વાસ્થ્ય માટે હાનિકારક છે કે નહીં.

-સાભાર ગુજરાત સમાચાર ન્યુઝ રિપોર્ટ

ગુસ્સામાં લીધેલા કોઈ પણ નિર્ણય ક્યારેય સાચા હોતા નથી.

# ભગવાન ઈસુ ખ્રિસ્તીના બંદાઓ પ્રાણી પ્રેમી હતા

હિન્દુઓને તેમના ભગવાન હોય છે. ખ્રિસ્તીઓ પાસે તેમના સંતો હોય છે. આપણી પાસે જેમ હજારો ભગવાન હોય છે તેમ તેમની પાસે પણ હજારો સંત હોય છે. તે દરેકનું કામ વિશ્વના કેટલાક ભાગો પર નજર રાખવાનું હોય છે કોઈ ગુમ થયેલાને શોધવા માટેના સંત હોય છે તો કોઈ આરોગ્ય માટેના હોય છે. કેટલાક સંત જેલના કેદીઓને મોત આપે છે. તો કેટલાક સંત પ્રેમ માટે હોય છે. પ્રાણીઓ માટે પણહજારો સંત હોય છે. આ સંતોએ નાના-મોટા પ્રાણીઓ માટે પોતાનો પ્રેમ બતાવ્યો છે. આવા પવિત્ર અને આશ્ચર્યજનક આત્માઓને અહીં યાદ કર્યા છે.

આ યાદી પ્રાણીઓના પ્રેમી એના સેન્ટ ફ્રાંસીસ ઓફ અલીસથી શરૂ કરવી પડે તે સ્વભાવિક છે. તેમની ચોથી ઑક્ટોબરની વર્ષગાંઠને વર્લ્ડ એનિમલ ડે તરીકે ઉજવવામાં આવે છે. અસીસમાં એક શ્રીમંત કાપડના વેપારીને ત્યા તે જનમ્યા હતા. ૧૨૦૯ સુધી તેમણે તમામ ભૌતિક સુખો વચ્ચે જીંદગી વિતાવી હતી. જ્યારે તેમણે સાંભળ્યું કે તમામ સુખો છોડીને પ્રેમનો સંદેશ આપવા ને સેમોન કહે છે. ફ્રાંસીસે તરત જ તેનું જીવન ગરીબાઈમાં ફેરવી દીધું હતું. ૧૧ અનુયાયીઓ સાથે ઉજબ્રીયા જિલ્લાના પર્વતીય વિસ્તારોમાં આનંદથી ગીતો ગાતા ફરતા હતા. કહે છે કે ઈતિહાસમાં કોઈએ પણ ફ્રાંસિસ જેટલી જીંદગી અર્પણ નથી કરી. તે કહેતા હતા કે કુદરતી સૌંદર્ય એટલે કુદરતી સૌંદર્યનો કુદરતનો અરીસો છે. કુદરત પરના જીવોને તે બ્રધર્સ અને સિસ્ટર્સ ગણતા હતા. તેમની સાથે સંકળાયેલી મોટાભાગની વાર્તા પ્રાણીપ્રેમની હતી. ફ્રાંસિસ અને તેમના અનુયાયીઓ એકવાર પક્ષીઓ રહેતા હતા તે ઝાડ નજીક આવ્યા ત્યારે ફ્રાસિંસે કહ્યું કે ઊભા રહો હું મારી સિસ્ટર્સ સમાન પક્ષીઓને મળીને આવું છું. પક્ષીઓ તેમને વીંટળાઈ વળ્યા અને જ્યારે તે બોલતા હતા ત્યારે કોઈ ઉડીને જતું રહ્યું નહોતું. ગુબીઓ નામનું શહેર એક માનવભક્ષી વરૂથી ત્રસ્ત હતું. ફ્રાસિંસ પર્વત પર રહેતા આ વરૂ પાસે ગયા અને ક્રોસનું સિમ્બોલ બતાવીને તેને પોતાની પાસે બોલાવ્યું હતું. સૌના આશ્ચર્ય વચ્ચે વરૂ ફ્રાસિંસની આગળ પગ પર બેસી ગયું. ફ્રાસિંસે તેને કહ્યું કે બ્રધર વરૂ (વોલ્ફ)નું તું આ વિસ્તારમાં ઘણું નુકસાન ફેલાવે છે. મારે આ વિસ્તારના લોકો અને તારી વચ્ચે શાંતિ સ્થાપવી છે. આ ટાઉનના બધા લોકો શાંતિ ઈચ્છે છે. કોઈ ઘેટાને લઈ જતા હોય એમને લોકોની વચ્ચે વરૂને લઈ ગયા અને સમાધાન કરાવ્યું હતું વરૂ આ કામ ભૂખના કારણે તે હિંસા કરતું હતું. ફ્રાસિંસે સમાધાન કરાવ્યું હતું કે વરૂ હવે ત્રાસ નહી ફેલાવે અને શહેરીજનો પણ ખુશ થયા હતા.

ભગવાને ઉભા કરેલા જીવો અને મનુષ્ય એમ બંનેએ ખુશાલીથી કુદરતી સૌંદર્યને માણવું જ્યારે ફ્રાસિંસ મૃત્યુ પામ્યા ત્યારે તેમણે તેમની સાથે રહેતા ગધેડાઓનો આભાર માન્યો હતો. જીવનભર તેમની સાથે રહેનાર આ ગધેડાઓ રડી પડ્યા હતા. આમ સેન્ટ ફ્રાસિંસને ક્રિશ્ચનોના મહાન સંત તરીકે ઓળખવામાં આવે છે.

૧૯૯૪માં સેન્ટ અંસલેમ થઈ ગયા જે પૈસાદાર હતા અને તેમની યુવાનીમાં જ

સાધુ બની ગયા હતા. પોતાના ઉમદા અને માયાળુ વ્યક્તિત્વ તરીકે જાણીતા હતા. તે પ્રાણીઓને પ્રોડક્ટ ઓફ ગોડ તરીકે ગણતા હતા અને તેમને પ્રેમ કરતા હતા. પ્રાણીઓને કોઈ હેરાન કરતું તો તે નારાજ થતા હતા. એક છોકરાએ પક્ષીના પગે દોરી વીંટાળીને તેને થોડું છોડીને પછી ખેંચતો હતો. ફ્રાસિંસે આ પક્ષીને છોડાવ્યું હતું. એકવાર તેમના ઘોડાના પગ વચ્ચેથી એક સસલું ભાગીને ઝાડીમાં ગયું ત્યારે શિકારીઓ ઝાડીને વીંટળાઈ ગયા હતા. પરંતુ ફ્રાસિંસે સસલાને બચાવ્યું. હતું. માંદા પ્રાણીઓએને બચાવતી એક ફીમેલ સંત હતા. જેમની મૂર્તિ હું મારી એનીમલ હોસ્પિટલમાં રાખું છું. પાંચમી સદીના આ સેન્ટનું નામ સેન્ટ ડવાનવેન ઓફ ટોલેન્ટીઓ હતું. બ્રે હોનના રાજા બ્રાયચેન બ્રાયચીનોંગની તે દિકરી હતી. તેણે પોતાની જીંદગી માંદા પ્રાણીઓની સેવામાં અર્પણ કરી હતી. એક સમયે ડવાનવેનનું નામ માંદા પ્રાણીઓ અને ઈજાગ્રસ્ત પ્રાણીઓને જીવાડવાની કામગીરી માટે ગાજતું હતું.

કૂતરાઓસાથે ત્રણ સેન્ટ સંકળાયેલા છે. જેમાં સેન્ટ વીટ્સ અને સેન્ટ વેલ બુર્ગ અને સેન્ટ હબર્ટ લીજનો સમાવેશ થાય છે. સેન્ટ રોચનો જન્મ ૧૯૨૩માં થયો હતો. તે ફ્રાસના મોન્ટપીલરના પૈસાદાર ગવર્નર હતા. તેમણે પોતાની સંપતિનું દાન કરીને યાત્રા દરમ્યાન તેમણે પ્લેગગ્રસ્ત લોકોની સેવા કરવી શરૂ કરી હતી. પોતાની યાત્રા દરમ્યાન તેમણે પ્લેગગ્રસત લોકોની સેવા કરવી શરૂ કરી હતી. જેના ચમત્કારી પરિણામો મળ્યા હતા. પીકાન્ઝા ખાતે તેમને પણ આ રોગ લાગુ પડયો હતો. તે એકલા જંગલમાં જઈને મોતને ભેટવા ગયા હતા. જંગલમાં એક કૂતરો તેમની સાથે હળી મળી ગયો. જે તેમના માટે ખાવાનું લઈ આવતો હતો. કૂતરાની આ સેવાથી તે સાજા થવા લાગ્યા હતા. તે યુવાનીમાં મરી ગયા પણ તેમના દયાળું સ્વભાવ માટે જાણીતા હતા. ૧૪૧૪માં જ્યારે યુરોપમાં પ્લેગ પ્રસર્યો ત્યારે લોકોએ સેન્ટરોચને પ્રાર્થના કરી હતી અને પ્લેગ નાબૂદ થયો હતો. યુરોપના મકાનોના દરવાજા પર આજે પણ VSR ચિતરવામાં આવે છે. એટલે કે Viva Saint Roach જે ઘરનું રક્ષણ કરે છે.

ડોમેસ્ટીક પ્રાણીઓ માટે જાણીતા સેન્ટ એન્થોનીનો જન્મ ૨૫૧ એડીમાં થયો હતો. તેમનું કુટુંબ પૈસાદાર હતું. ૨૦ વર્ષની ઉંમરે તેમણેતેમની સંપત્તિનું દાન કરીને નિવૃત્તિ સ્વીકારીને પોતાનું વિશાળ ઘર છોડીને જંગલોમાં ૨૦ વર્ષ રખડપટ્ટી કરી હતી. જ્યારે તેમને જ્ઞાન થયું ત્યારે તે પ્રેમનો સંદેશો પ્રાણીઓ એ માણસોમાં પ્રસરાવતા હતા. જ્યારે તે ઉપદેશ આપતા ત્યારે તળાવમાંની માછલી ઉછળીને બહાર આવતી હતી અને ઉપદેશ સાંભળતી હતી. એક ભૂંડની સારવાર કરીને તેમણે બચાવ્યું હતું એટલે ભૂંડ તેમની સાથે સાથે ફરતું હતું. સેંટ એન્થોનીની પ્રતિમાની નજીક પણ પ્રાણીઓ ટોળે વળીને બેસી રહેતા હતા.

સેન્ટ બ્લેઝ જંગલી પ્રાણીઓ પર દયા રાખતા હતા. ચોથી સદીમાં તે અમેરિકા સ્થિત હતા.કહે છે કે પ્રાર્થના દરમ્યાન તેમને ભગવાને સંદેશો આપ્યો હતો કે પર્વતોમાં જઈને સેવા કર. તે પર્વત પર ગયા, ગુફા શોધી કાઢી અને આસપાસના બિમાર પ્રાણીઓને ગુફામાં લાવીને સેવા કરવી શરૂ કરી હતી. સેન્ટ બ્લેઝ આ જંગલી પ્રાણીઓમાં કોઈપણ પ્રકારના ડર વગર ફરતા હતા.

સેન્ટ બ્રિજીડે જંગલોમાં પ્રાણીઓની

સેવા કરી હતી. તેમણે શિયાળ પાળ્યું હતું. જે કૂતરાઓને ગાય તરફ પ્રેમાળ વર્તન કરતું હતું. સેન્ટ ગોલ રીંછના ખાસ મિત્ર બની ગયા હતા અને તેમની જરૂરિયાત પુરી કરતા હતા. સેન્ટ ઈસીડોર પોતાનો ખોરાક લેતી વખતે પક્ષીઓને સાથે રાખીને તેમને પણ ખવડાવતા હતા. સેન્ટ આર્ટીન કૂતરા-બિલાડી માટે આશરો બનાવતા હતા. સેંટ કોલેટ તેમની સાથે ઘેટું રાખતા હતા. જે પક્ષીઓની ભાષા સમજતા હતા. સેન્ટ નિકોલસ ઓફ ટોલેન્ટીઓ શાકાહારી હતા જે પક્ષીઓની સારવાર કરી તેમને નવી જીંદગી આપતા હતા.

ચાર દિવસ પહેલા ગયેલા ઈસુ ખ્રિસ્તના જન્મ દિવસે ઉજવ્યો ના હોય તો હવે ઉજવજો કેમ કે તેમણે પ્રાણીઓને ખાધા નથી પણ તેમની તરફ દયાળુ વર્તન દાખવ્યું છે.

*- મેનકા ગાંધી*

# વિશ્વમાં માંસનું ઉત્પાદન પણ ગ્લોબલ વોર્મિગનું કારણ છેઃ સંશોધન

ભારતમાં ગૌમાસ પર રાજકારણ ચાલી રહ્યું છે ત્યારે હમણાં થયેલા એક સંયુક્ત રાષ્ટ્રસંઘના પ્રયાવરણ સંશોધનમાં ગ્લોબલ વોર્મિગ અને વધતા જતા પ્રદુષણ માટે માંસનું ઉત્પાદન જવાબદાર હોવાનુ બહાર આવ્યું છે. ખાસ કરીને બીફ તરીકે ઓળખાતા ગૌ માસને પકવવા માટે ખૂબ જ ઉર્જાની જરુર પડતી હોવાથી હવામાં વધુ કાર્બન ડાયોક્સાઈડ ઉમેરાય છે. સામાન્ય રીતે ૧૩૦ કિમી સુધી કાર ચલાવવામાં જેટલું હવાનું થાય એટલું પ્રદુષણ એક કિલો માંસ પકવવાની પ્રક્રિયા દરમિયાન ઉમેરાય છે.

નવાઈની વાત તો એ છે કે દુનિયામાં ૧૪ અબજ પાલતુ પશુઓ પાળવામાં આવે છે તેમના દ્વારા થતું ગેસ ઉત્સર્જન વાહન વ્યહવારથી થતા પ્રદૂષણ કરતા પણ વધારે છે. એક માહિતી મુજબ ગ્રીન હાઉસ વાયુ પેદા કરવામાં પશુપાલનનો ફાળો ૧૮ ટકા જ્યારે વાહન વ્યહવારનો ફાળો ૧૫ ટકા્ છે. આમ ગ્લોબલ વોર્મિગમાં માસ માટે ઉછેરવામાં આવતા પશુઓનો ફાળો વધારે છે. ભારતની વાત કરીએ તો ૨૦૧૧ના આંકડા અનુસાર ૫૧.૧૦ કરોડ પાલતુ પશુઓ છે જેમાં ગાય અને ભેંસની સંખ્યા ૧૧ કરોડ જેટલી છે. ભારતમાં મોટા ભાગના પશુઓને મારીને માસ મેળવવા માટે નહી પરંતુ દૂધ અને ચામડા માટે પાળવામાં આવે છે. પરંતુ પાકટ પશુઓ નકામા થાય ત્યારે તેને કતલખાને ધકેલી દેવાનું પ્રમાણ વધતું જાય છે.

અમેરિકાની યેલ યુનિવર્સિટીના એક સંશોધન મુજબ બીફના ઉત્પાદન માટે પાળવામાં આવતા પશુઓને સામાન્ય પશુપાલન કરતા ૨૮ ગણી વધારે જગ્યા જોઈએ છે. તેમ બીફ ઉત્પાદન ગ્લોબલ વોર્મિગમાં ૧૧ ગણું વધારે યોગદાન આપે છે. માસ તૈયાર કરવા માટે ઘઉં અને ચોખા જેવા પાકોના મુકાબલે ૧૦ ગણું વધારે પાણી જોઈએ છે. દુનિયામાં માથાદિઠ માસનો વપરાશ ૩૨૨ ગ્રામ અમેરિકામાં છે. ચીનમાં ૧૬૦ ગ્રામ જ્યારે ભારતમાં સરેરાશ ૧૨ ગ્રામ માસ ખવાય છે.

-સાભાર ગુજરાત સમાચાર
ન્યુઝ રિપોર્ટ

**ઔરંગઝેબ રોજ ખીચડી ખાતો હતો, અકબરનો પ્રિય ખોરાક ખીચડી-દહી હતો...**
**પ્રાણીઓની કતલ પર કડક પ્રતિબંધ...**

# અકબર, શાહજહાં, ઔરંગઝેબ શાકાહારી હતા...

કેનેડાની પીપલ્સ ફોર એનીમલ્સના એકસભ્યે મને મોકલેલા એક પુસ્તકને હાલમાં હું વાંચી રહી છું. ટ્રાઈસ્ટન સ્ટુઅર્ટ બ્લડલેસ રિવોલ્યુશન પર લખેલા પુસ્તકનું નામ છે... એક કલ્ચરલ હિસ્ટ્રી ઓફ વેજીટરીયન્સ ફોમ ઈ.સ. ૧૬૦૦થી ટુમોડર્નટાઈમ્સ!! આપણે ત્યાં માંસ પર પ્રતિબંધ બાબતે રાજકારણ રમાય છે. મહારાષ્ટ્રમાં માંસ પર પ્રતિબંધનો વિરોધ શિવસેના જેવા હિંદુ વિચારસરણીને વરેલા પક્ષ કરી રહ્યા છે. રાજઠાકરે જેવા હિંદુ આગેવાનો જાહેરમાં માંસ વેચીને તેના પ્રતિબંધનો વિરોધ કરે ત્યારે તેમણે એ સમજી લેવું જોઈએ કે જીવનમાં શાકાહારી બનવાનો કોન્સેપ્ટ ભારતમાંથી વિશ્વભરમાં સદીઓ પહેલા પ્રસર્યો હતો. આ વાત તો ઠીક છે પણ પાયથાગોરસ સહિતના ફીલોસોફરો એ શાકાહારના કોન્સેપ્ટ સ્વીકાર્યો હતો અને તેનો પ્રચાર પણ કર્યો હતો. શાકાહારી બનવું ખુબ સરળ છે પરંતુ પશ્ચિમના દેશોએ હંમેશા તેને અટપટુ બનાવી દીધું હતું. સદીઓ બાદ વિદેશીઓ ભારતની મુલાકાતે આવતા થયા ત્યારે તેમને ખબર પડી કે શાકાહારી બનીને આનંદીત જીવન જીવી શકાય છે. પૃથ્વી પરના અન્ય જીવોને માર્યા વગર પણ તંદુરસ્ત જીવન જીવી શકાય છે. એકોન્સેપ્ટ વિદેશીઓ સ્વીકારવા લાગ્યા હતા. જ્યારે તે પાછા પોતાના દેશમાં જતા ત્યારે શાકાહારનો પ્રચાર કરતા હતા.

હું જે પુસ્તક વાંચુ છું તે આવું જ કંઈક કહેવા માંગે છે.

શાહજહાંનો પુત્ર ઔરંગઝેબે ૧૬૫૮માં તાજ પહેર્યો હતો. ઈસ્લામના તમામ કાયદા કાનૂન પાળવામાં તે સખત હતો. સ્થાનિક લોકોના ધર્મનો તે વિરોધી હતો પરંતુ બહુ ઓછા લોકોને ખબર છે કે તે ચુસ્ત શાકાહારી હતો તે માત્ર શાકભાજી ખાતો હતો. તે ગંગા નદીનું પાણી પીતો હતો, ખીચડી ખાતો હતો. દેશની મોટી હોટલોમાં 'ખીચડી અલમગીરી' નામની બ્રાન્ડવાળી ખીચડી બનતી હતી. જે ઔરંગઝેબના નામની યાદગીરીમાં બની હતી. જે પુસ્તકમાં ઔરંગઝેબ શાકાહારી હોવાની વાત લખી છે.

મહત્ત્વની વાત તો એ છે કે એક સમયે આપણે શાકાહારનો કોન્સેપ્ટ વિદેશ પહોંચાડતા હતા, ઔરંગઝેબ જેવા ક્રૂર શાસકો પણ 'ખીચડી' ના આગ્રહી હતા પરંતુ ધીરે ધીરે આપણી લાઈફ બદલાતી ગઈ. આજે સ્થિતિ એ છે કે જે દેશ શાકાહારનો આગ્રહી હતો તે દેશ આજે

કોઈના જખમ પર મલમ ન લગાવી શકો તો કંઈ નહી, મીઠાનો લેપ તો ન જ ચોપડશો.

વિશ્વમાં માંસની નિકાસ કરતો ચોથા નંબરનો દેશ છે. એમ કહી આપણે કોલર ઉંચા કરીને ફરીએ છીએ.

માંસ અને દૂધ માટે પ્રાણીઓના બ્રીડીંગ કરતાં ત્રણ દેશો જે ગ્લોબલ વોર્મીંગ માટે મુખ્ય જવાબદાર ગણાય છે તે પૈકીનો એક ભારત પ્રાણીઓના ચામડા એક્સપોર્ટ કરવામાં પણ ટોપ પર છે. આ પુસ્તકમાં રસપ્રદ વાત એ છે કે તેમાં ભારત પર રાજ કરનાર મોગલ શાસકોએ કેવી રીતે ભારતના રીત રિવાજ અપનાવ્યા તેનો પણ ઉલ્લેખ છે.

૧૨મી સદીમાં અફઘાનની મોહમ્મદ ઘોરીએ ઉત્તર ભારત પર હુમલો કર્યો ત્યારે તે 'મલેચ્છ' કહેવાતો હતો. મલેચ્છ એટલે ગાયનો માસ ખાતો જંગલી શાસક! તેના નામ ગોરી પાછળનો અર્થ એ થાય છે કે ગાયનો દુશ્મન છે. તેના નામમાં 'ગો' એટલે ગાય અને 'આરી' એટલે દુશ્મન!! પરંતુ તેની આ વૃત્તિના કારણે સ્થાનિક લોકો સાથે તેને મતભેદ થતા હતા. બાદમાં મોગલ શાસકોએ જોયું કે સ્થાનિક લોકોની ખાણી-પીણી પર પણ ધ્યાન આપવું જોઈએ.

બાબર પ્રથમ મોગલ શાસક ભારત પર રાજ કરવા આવ્યો હતો. તેનો પુત્ર હુમાયું બીજો શાસક બન્યો હતો. તેણે હાલના પાકિસ્તાન. અફઘાનિસ્તાન અને ઉત્તર ભારતના કેટલાક વિસ્તારો પર રાજ કર્યું હતું. તેણે શેરશાહસૂરીના હાથે શાસન ગુમાવ્યું હતું પરંતુ પર્શીયન સહાયકોની મદદથી તેણે રાજ પાછું મેળવ્યું હતું. ૧૫૫૬માં જ્યારે તેનું મૃત્યુ થયું ત્યારે તેની પ્રશંસા થઈ હતી અને તેમને ઈન્સાન એ કામિલનું બીરૂદ મળ્યું હતું.

હુમાયુ એ રાજ પાછું મેળવવા પ્રયાસ શરૂ કર્યો ત્યારે અફીણ અને દારૂનો ઉપયોગ બંધ કર્યો હતો તે તો ઠીક પણ તે શાકાહારી બનીને પોતાની જાતને યુદ્ધ માટે યોગ્ય બનાવી હતી. જ્યારે તે ૧૫૫૬માં પાછો ફર્યો ત્યારે તેમણે હિન્દુ રીત-રીવાજો શીખી લીધા હતા, ખાસ કરીને માંસ વિશેની તેમની માન્યતાને સમજી હતી ગાયના માંસ પર પ્રતિબંધ અંગે ત્યારે તેમણે વિચાર્યું હતું. તેમજ માંસથી દૂર રહેતા હતા.

તેમનો પુત્ર અકબર જૈન ફિલોસોફી તેમજ માંસથી દૂર રહેતા હતા. ખાસ કરીને અહિંસાથી બહુ પ્રભાવિત થયો હતો. તેણે પોતાના શાસન હેઠળના વિસ્તારોમાં પ્રાણીઓ અને માછલીઓની હત્યા પર પ્રતિબંધ મુક્યો હતો. તેમજ છ માસ માટે માસ નહીં ખાવા પર પ્રતિબંધ મૂક્યો હતો. પ્રાણીઓની કતલ માટે પણ તેમણે મર્યાદિત દિવસો રાખ્યા હતા. ત્રીજી સદીમાં સમ્રાટ અશોકનું શાસન આવ્યું ત્યાં સુધી કોઈ શાસકે આવા પગલા ભર્યા નહોતા એવું તેમના સહાયક અબ્દુલ ફઝલ અલામીએ એન-અલ-અકબરીમાં લખ્યું છે. તેમાં ઉમેર્યું છે કે મારા શાસક માંસથી દૂર રહેતા હતા અને લોકોને શાકાહારી જમાડતા હતા. જો

કે લોકો અજાણતામાં પૃથ્વી પરના અન્ય જીવોને ઘાતકી રીતે મારતા હતા. અકબરનું માનીતું ખાવાનું ખિચડી દહી હતા.તે રોજ તેને ખોરાકમાં લેતા હતા.

અકબરે તો એટલે સુધી લખ્યું છે કે અહિંસાને જીવનનો સિદ્ધાંત બનાવવો જોઈએ તે લખે છે કે માંસ નહીં ખાવું એટલે પ્રાણીને માન આપવું.

અકબરના બાયોગ્રાફર વિન્સેન્ટસ્મિથે નોધ્યું છે કે અકબર માંસથી દૂર રહેતો હતો અને પ્રાણીઓની કતલ નહી કરવાના આદેશનો કડક અમલ કરાવતો હતો. અકબરે ધાર્મિક શાસ્ત્રોને વળગી રહેવાનું સૂચન પણ કર્યું હતું. ડિવાઈન ફેથ, દીન-એ-ઈલાહીમાં પણ સુચવ્યું છે કે દાન કરવું, પ્રાણીઓની કતલ ના કરવી, વિધવાને પુર્નલગ્નની મંજૂરી આપવી અને બાળલગ્નો અટકાવવા તેમજ બળજબરીથી થતી સતીપ્રથાનો વિરોધ કર્યો હતો. ગાયના માસ પર પ્રતિબંધ માટે તે સખત હતો.

અકબરે જૈન પર્યુષણ અને મહાવીર જયંતીના ચાર માસ સુધી પ્રાણીઓની કતલ પર પ્રતિબંધ મુક્યો હતો. અકબરનો પ્રાણી પ્રેમ વધતો જતો હતો. તેમણે ઘણાં પ્રાણીઓને છોડાવ્યા હતા. તે માનતા હતા કે પ્રાણીઓને મુક્ત ફરવા દેવા જોઈએ અને તેમની ટેવ પ્રમાણે રહેવા દેવા જોઈએ.

અકબરની જગ્યાએ આવેલો તેમનો પુત્ર જહાંગીરે પણ પોતના પિતાના પ્રાણીપ્રેમની પ્રશંસા કરીને લખ્યું  હતું કે મારા પિતા વર્ષમાં નવ મહિના માંસ નહોતા ખાતા. તે જે શાકાહારી ખોરાક ખાતા હતા તે 'સૂફીફૂડ' તરીકે ઓળખાતો હતો. જહાંગીરે પણ પોતાના પિતાએ કરેલા આદેશો ચાલુ રાખીને પ્રાણીઓની કતલ બચાવી હતી. તે તો ઠીક પણ તેમણે 'ગુરૂવાર' નો દિવસ ઉપવાસ તરીકે જાહેર કર્યો હતો. ૧૬૧૮માં તો તેમણે એક સ્ટેપ આગળ વધીને એવી જાહેરાત કરી હતી કે તે શિકાર નહી કરે અને પૃથ્વી પરના અન્ય કોઈ પ્રાણીને ઈજા નહીં પહોંચાડે.

અકબર અને જહાંગીરના માનીતા ચિત્રો હતા વરૂ સિંહની જોડી તેમજ સાથે ઘેટા અને બળદની જોડી!! શાહજહાં ૧૬૨૮માં સત્તા પર આવ્યો ત્યારે તેને આહારની બહુ ખબર નહોતી પરંતુ દિલ્હીના લાલ કિલ્લા ખાતે પ્રાણીઓની યાદમાં ખાસ મ્યુઝીક પ્રોગ્રામ રાખ્યો હતો.

વિચિત્રતા તો જુઓ ગ્રીક માયથોલોજીના આધાર લઈને તે પણ શાકાહારી બન્યો હતો.

વાચકોએ જોયું હશે કે મુસ્લિમ શાસકો હુમાયુ, અકબર, જહાંગીર, શાહજહાં, ઔરંગજેબ વગેરે પ્રાણીઓની કતલના વિરોધી હતા અને માંસથી દૂર રહી શાકાહારી પણ બન્યા હતા.

વર્તમાન સ્થિતિમાં ભારતની સ્થિતિ કરૂણ છે. માંસ પર પ્રતિબંધની વાતનું રાજકારણનો રમાય છે. અને તેમાં લાખો પ્રાણીઓની ચિત્કાર દબાઈ જાય છે!!!

*-મેનકા ગાંધી*

'પસ્તાવો' એવું ઝરણું છે, જે હૃદયની મલિનતા ધોઈ નાખે છે.

# દુઃખનું મૂળ હિંસા અને હિંસાનું હારણ જીવેષણા

**મહેન્દ્ર પુનાતર**

